# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination July -2025

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Course** | **:** | **Master Course** | **Date** | **:** | **31/08/2025** |
| **Subject Code** | **:** | **MGT-104 (New)** | **Time** | **:** | **11:30am to 01:45pm** |
| **Subject Name** | **:** | **સાહિત્યિક નિબંધો અને લેખનકૌશલ** | **Duration** | **:** | **02.15 Hours** |
| | | | **Max. Marks** | **:** | **70** |

---

**પ્રશ્ન-1 નીચેનામાંથી ગમે તે એક નિબંધ ૧૫૦૦ શબ્દોમાં લખો.** **25**

1. સાહિત્યમાં જીવનમૂલ્યોની માવજત
2. ગુજરાતી લોકસાહિત્ય
3. સાહિત્ય અને સમૂહમાધ્યમો
4. શિક્ષણનું માધ્યમ માતૃભાષા

**પ્રશ્ન-2 નીચેનામાંથી ગમે તે એક નિબંધ ૧૫૦૦ શબ્દોમાં લખો.** **25**

1. નારીવાદી ગુજરાતી સાહિત્ય
2. ગુજરાતી આદિવાસી લોકસાહિત્ય
3. સાહિત્ય અને લોકપ્રિયતા
4. સાહિત્યમાં સમાજાભિમુખતા

**પ્રશ્ન-3 (અ) નીચેના પરિચ્છેદનું સંક્ષેપીકરણ કરો.** **10**

ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહ માટેની કૂચ આરંભી ત્યારે આખા દેશની પ્રજામાં અન્યાય સામે ન્યાય બુદ્ધિથી ઉપજેલો ક્રોધ ફાટી નીકળ્યો. મનુષ્યોનો સાગર જેવો વિશાળ સમુદાય ઠેર ઠેર એમના સ્વાગત માટે ઊમટતો. અન્યાય અને જુલમની સામે અડગ રહેવાની આંતરિક શક્તિવાળા, ચુસ્તપણે શિસ્ત પાળનારા, પ્રાણ જાય તો ભલે જાય તેવી ભાવનાવાળા થોડાક સત્યાગ્રહીઓને લઈને એ આગળ વધતા હતા. પ્રભાતના સમયે દેશપ્રેમનાં ગીતો ગાતાં ગાતાં અનેક લોકોનાં સરઘસો અનેક ગામેગામ નીકળતાં હતાં. તે સમયે દેશપ્રેમનાં જલદ લખાણોવાળું એક છાપું છૂપી રીતે બહાર પાડવાની કામગીરી કવિ શ્રી સ્નેહરશ્મિ સંભાળતા હતા. દાંડીના દરિયાકિનારે મીઠું પકવવાની ક્યારીઓ સુધી પહોંચતા પહોંચતામાં તો સરકારના માણસો સત્યાગ્રહીઓ ઉપર છૂપો હુમલો કરશે એવી બધાંને બીક હતી. પણ કશી ફિકર રાખ્યા વિના માત્ર ઈશ્વરમાં અડગ અને અચળ વિશ્વાસને જોરે ગાંધીજી દાંડી પહોંચી ગયા. ખરું શું છે અને ખોટું શું છે તે સમજવાની શક્તિના અભાવવાળા, કોઈના દોરી સંચાર પ્રમાણે જ કામ કરવા ટેવાયેલા અને સરકારના અને સત્તાના જોરે અભિમાન દાખવતા પોલીસોએ લાઠીઓના બેસૂમાર મારનો વરસાદ વરસાવ્યો. કેટલાકે વતનને ખાતર પ્રાણની આહૂતિ આપી હશે છતાં આ બહાદૂરોએ મીઠાનો કાયદો તોડ્યો જ. નમક સત્યાગ્રહ સમયનાં આ બધાં સ્મરણો ક્યારેય ભૂલી શકાય એમ નથી.

**અથવા**

આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુદ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે, એટલે જીવનમાર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે. એ શુદ્ધિ સાધ્ય છે. પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે એમ હું તો પ્રતિક્ષણ અનુભવું છું. શુદ્ધ થવું એટલે મનથી, વચનથી અને કાયાથી નિર્વિકાર થવું, રાગ-દ્વેષાદિરહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથવા છતાં હું પહોંચ્યો નથી, તેથી લોકની સ્તુતિ મને ભોળવી શકતી નથી, એ સ્તુતિ ઘણીવેળા ડંખે છે. મનના વિકારોને જીતવા જગતને શસ્ત્રયુદ્ધથી જીતવા કરતાંયે મને કઠિન લાગે છે. હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું, શરમાયો છું, પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂટ્યો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારું મારે શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકષ્ઠા છે. અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવસિદ્ધ વાત છે.

- ગાંધીજી

**(બ) વિચાર-વિસ્તાર કરો. (ગમે તે બે)** 10

1. ક્ષમામાં જે શક્તિ છે તે દંડમાં નથી.
2. સુખ સમયમાં છકી નવ જવું દુઃખમાં ન હિંમત હારવી.
3. 'જગતની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી'. - સુન્દરમ્
4. 'વિચાર સર્વ કાર્યનો રાજા છે'. - મ.ન.દ્વિવેદી

*****